# સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૩–૧૪માં થયેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

⇒ આઇઇડી શાખા ધ્વારા પ્રાથમિક શાળાની મુલાકાત, બાળકના વાલીની મુલાકાત તેમજ બ્લોક રિસોર્સ પર્સન, રિસોર્સ ટીચર્સ અને કેરગીવર્સની બેઠકો યોજી કામગીરીની સમીક્ષા તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું.

⇒ આઇઇડી શાખા હેઠળ સોપાયેલ વિસ્તારમાં કોઈપણ વિકલાંગ બાળકો લાભથી વંચિત ન રે તે માટેનું આયોજન સર્વ શિક્ષા અભિયાન ધ્વારા કરાવ્યું.

⇒ વિકલાંગ બાળકો માટે કાર્ય કરતાં વિશિષ્ટ શિક્ષકોને તાલીમ મળી રહે અને બાળકો શિક્ષણ કાર્ય સારી રીતે કરી શકે તે માટે આઇઇડી શાળા ધ્વારા વિધ્ધિ તાલીમી સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું તેમજ  તમામ પ્રકારની વિકલાંગતા માટે કાર્ય કરતા શિક્ષકોને તાલીમ આપવામાં આવી.

⇒ જે વિકલાંગ બાળકો શાળામાં અભ્યાસ કરે છે તેમને અભ્યાસ દરમ્યાન મૂલ્યાંકનમાં પડતી મુશ્કેલીઓ દુર થાય અને પરીક્ષા પધ્ધતિ સરળ થાય તે માટે જિલ્લાકક્ષાએથી કામગીરી કરવામાં આવે છે.

⇒ સંકલિત શિક્ષણ યોજના હેઠળ સામાન્ય શાળાઓમાં ભણતા વિકલાંગ બાળકોને શૈક્ષણિક અને યોજનાકીય લાભો પૂરા પાડવામાં આવ્યાં.

⇒ રાજયના જુદા જુદા વિસ્તારમાં લો વિઝન– ૨૦૧૧૯,ટોટલ બ્લાઈન્ડ–૫૯૪૬ બહેરા મૂંગા– ૧૫૧૮૯, માનસિક ક્ષતિ ધરાવતાં બાળકો– ૨૮૮૭૮ અને શારીરિક વિકલાંગ–૧૯૭૩૩,સેરેબ્રલ પાલ્સી–૧૫૯૪,બહુવિધ વિકલાંગતા–૫૫૭૬,ઓટીઝમ–૪૮૨,લર્નીંગ ડિસેબિલીટી– ૧૦૫૧૭ બાળકોને આવરી લેવામાં આવ્યાં.

⇒ રાજયમાં આવરી લીધેલ કુલ – ૧,૦૮,૦૩૪ વિકલાંગ બાળકો માટે હાલમાં ૧૩૪૧ વિશિષ્ટ તાલીમ પામેલા શિક્ષકો શૈક્ષણિક સેવા પુરી પાડી રહયા છે.

⇒ સંકલિત શિક્ષણ યોજના હેઠળના બાળકોની ચકાસણી કરવામાં આવી તેમજ તેમના મેડીકલ પ્રમાણપત્રની ચચકાસણી કરવામાં આવી.

⇒ આઇઇડી શાખા ધ્વારા ૧૧૭૫૭ વિકલાંગ બાળકોને એલાઉન્સની સગવડ પુરી પાડવામાં આવી.

⇒ વિકલાંગ બાળકોના તાલીમ માટે અને તેમના શિક્ષણ માટેના તાલીમાર્થીઓના પ્રાશિક્ષણ માટે સર્વ શિક્ષા અભિયાન – આઇઇડી શાખા કાર્યરત છે. તે ઇન્ટીગ્રેટેડ એજયુકેશનથી ઇનકયુઝીવ એજયુકેશન તરફની દોડને વેગીલી બનાવશે અને સાચુ દિશા દર્શન પણ કરાવશે.

⇒ સર્વ શિક્ષા અભિયાન હેઠળ પ્રાપ્ત થયેલ માહિતી મુજબ ૧૦૯૭૮૧ વિકલાંગ બાળકો નોંધાયેલ છે તે પૈકી વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન શાળામાં ભણતા ૧,૦૮,૦૩૪ વિકલાંગ બાળકો નોંધાયેલ છે. વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન ૭૦૮૪ બાળકોને સાધનસહાય પુરી પાડેલ છે. સર્વ શિક્ષા અભિયાન હેઠળ વિકલાંગ બાળકો માટેની વિવિધ સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

⇒ સર્વ શિક્ષા અભિયાન હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન સાંભળવાની ક્ષતિ ધરાવતા બાળકોને ૫૦૨૨ હીયરીંગ એઇડ, ૬૦૯૦ અપંગ બાળકોને કેલીપર્સ, ટ્રાયસીકલ, વ્હીલ ચેર, હાથના સાધનો અને આર્ટીફીશીયલ લીમ્બ પુરા પાડવામાં આવ્યા છે.

⇒ સર્વ શિક્ષા અભિયાન હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન નીચે મુજબની તાલીમ આપવામાં આવેલ છે.

| તાલીમ | તાલીમાર્થીની સંખ્યા |
|---|---|
| વિકલાંગ બાળકોના વર્ગ શિક્ષક | ૩૬૬૫ |
| મલ્ટીકેટેગરી તાલીમ | ૧૩૪૧ |
| વાલી તાલીમ | ૧૦૦૦૮ |